# બ્રૅમ્પટન સીટી હૉલ ખાતે ઓક્ટોબર 20 અને 21 તેમજ નવેમ્બર 17 અને 18 ના રોજ મિલકત વેરાની ચૂકવણીના વિસ્તારિત કલાકો ફક્ત એપૉઇન્ટમેન્ટથી થશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (15 ઑક્ટોબર 2020) – રહેવાસીઓ અને વ્યવસાયો તેમના મિલકત વેરાના ભરણા નીચે આપેલ તારીખોએ કરી શકે તે માટે સિટીએ સિટી હૉલ ખાતે સમય લંબાવ્યો છે:

- મંગળવાર, ઓક્ટોબર 20
- બુધવાર, ઓક્ટોબર 21
- મંગળવાર, નવેમ્બર 17
- બુધવાર, નવેમ્બર 18

પ્રચાલનનો લંબાવેલ સમય સવારે 8:30 થી સાંજે 8 વાગ્યા સુધી રહેશે. સીટી હૉલ ખાતે મિલકત વેરાના ભરણા માટે રહેવાસીઓએ અગાઉથી સીટી ઓફ બ્રૅમ્પટન વેબસાઇટ પર એપોઇન્ટમેન્ટ અવશ્ય બૂક કરાવવાની રહેશે.

મિલકત વેરાની અંતિમ તારીખો અહીં મળી શકશે.

રહેવાસીઓને યાદ અપાવીએ છીએ કે રૂબરૂ સિટી સેવાઓ માટે સિટીની સવલતોની મુલાકાત કરતા પહેલા એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી છે. વૉક-ઇન કરવાની મંજૂરી નથી. સિટીની વેબસાઇટ પર એપોઇન્ટમેન્ટો બૂક કરાવી શકાશે, પુનઃઅનુસૂચિત કરી શકાશે અને રદ કરી શકાશે.

મિલકત વેરાના ભરણા કરવા માટે સંખ્યાબંધ વૈકલ્પિક સુરક્ષિત અને સુલભ રીતો છે:

- બેંક પર થવા અન્ય નાણાકીય સંસ્થામાં
- નાણાંકીય સંસ્થાઓ મારફત ઈન્ટરનેટ/ટેલિફોન બેંકિંગથી
- ચેકથી
- પૂર્વ-અધિકૃત કર ચૂકવણીનો પ્લાન

વધુ જાણકારી માટે www.brampton.caની મુલાકાત લો.

આ મહિનાની શરૂઆતમાં, સીટી કાઉન્સિલે ડિસેમ્બરની 31મી સુધી મિલકત વેરાની બાકી રહેલ ચૂકવણીઓ પર તમામ વ્યાજ અને દંડ સ્થગિત કરવાની મંજૂરી આપી હતી જેથી આ મુશ્કેલીભર્યા સમયમાં નગરજનો અને વ્યવસાયોને વધારાની નાણાકીય રાહત

પ્રાપ્ત થાય. તમામ રકમો સિટીને ડિસેમ્બર 31મી પહેલા પ્રાપ્ત થવી જોઈશે જેથી તે સમય સુધી ભેગી થયેલ કોઈપણ ચુકવવાપાત્ર બાકી રકમ પર થતા દંડ અને વ્યાજ ટાળી શકાય.

એપોઈન્ટમેન્ટ બુકિંગ અથવા મિલકત વેરા ચુકવણી સંબંધિત પ્રશ્નો માટે, 24/7 મદદ મેળવવા માટે કૃપા કરીને 311 પર કૉલ કરો અથવા 311@brampton.ca પર ઈમેલ કરો.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca